©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, AUGUST 14, 2025 / SRAVANA 23, 1947 [No. 33

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચકે/૧૭/એલડી/એઆરબી/ઈ-ફાઈલ/૧૨/૨૦૨૨/૧૧૨૪/ડી-૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Public Works Contracts Disputes Arbitration Tribunal Act, 1992

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ

જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨.

ક્રમાંક: જીએચકે/૧૭/એલડી/એઆરબી/ઈ-ફાઈલ/૧૨/૨૦૨૨/૧૧૨૪/ડી-૧:- ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ (સન ૧૯૯૨ના ગુજરાતના ૪થા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માર્ગ અને મકાન વિભાગમાંથી, નિવૃત્ત મુખ્ય ઈજનેર શ્રી બી. સી. પટેલ-ને તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા તેઓ પાંસઠ વર્ષની ઉમરના થાય, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલના ટેકનિકલ (તકનિકી) સભ્ય તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૨૨મી જુલાઈ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૧૧૬/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૨.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જુલાઈ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૧૧૬/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૨:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા કેર્ન ઓઈલ એન્ડ ગેસ અને વેદાન્તા લિમિટેડના એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન-(એજીઆઈ)-૨૧, ગામ-રાજચરાડી, તા.-ધ્રાંગધ્રા, જિ.-સુરેન્દ્રનગરને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
કેર્ન ઓઈલ એન્ડ ગેસ, વેદાન્તા લિ. એબોવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન-(એજીઆઈ)-૨૧	ગામ રાજચરાડી તાલુકો ધ્રાંગધ્રા જિલ્લો સુરેન્દ્રનગર	૧૦૯૧ (જૂનો સરવે નંબર. ૬૩/પૈકી ૩/૧/પૈકી ૨) કુલ ક્ષેત્રફળ ૩૬૫૫ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર ૩૬૫૫ ચોરસ મીટર	પૂર્વ રાજચરાડીથી ગંજેળા રોડ પશ્ચિમે સરવે નંબર. ૧૦૯૦ ઉત્તરે સરવે નંબર. ૧૦૮૯ દક્ષિણે સરવે નંબર. ૧૧૪૧

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ-ના તારીખ: ૨૮મી મે, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/એસએચ/૩૫/૨૦૨૫/ઈડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૩૦૦૫/ચ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Right of Children to Free and Compulsory Education Rules, 2012

બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૨૫

બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯.

ક્રમાંક. જી/એસએચ/૩૫/૨૦૨૫/ઈડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૩૦૦૫/ચ:- બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ૩૫-મા)ની કલમ ૩૮ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨-માં, નિયમ ૩માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૧) વિદ્યાર્થીઓનો પ્રવેશ: ૧લા ધોરણમાં પ્રવેશ મેળવવા માટે બાળકની લઘુત્તમ વયમર્યાદા, જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો હોય તે વર્ષના જૂન મહિનાની ૧લી તારીખે ૬ વર્ષની રહેશે (જૂન મહિનાની ૧લી તારીખે જન્મેલા બાળકને પણ વિચારણામાં લેવામાં આવશે):

પરંતુ ખાસ જરૂરિયાતોવાળા બાળકોના કિસ્સામાં, આવી વયમર્યાદા ચાર વર્ષ સુધી હળવી કરી શકાશે. ૧લા ધોરણમાં પ્રવેશ માટે વયમર્યાદામાં કરેલા ફેરફારના પરિણામે, યોગ્ય વર્ગો માટેની વયમર્યાદામાં થનારો ઉત્તરોત્તર ફેરફાર ભવિષ્યમાં પણ ચાલુ રાખવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- આ નિયમના હેતુ માટે, ''ખાસ જરૂરિયાતોવાળા બાળકો (સીડબલ્યુએસએન)'' એટલે અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૨-ના ખંડ (ફ)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની ''અશક્ત વ્યક્તિ''.''.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. વી. પટેલ,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૯મી જુલાઈ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૧૧૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૦-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૧૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૮૦:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કેર્ન (CAIRN) ઓઈલ એન્ડ ગેસ અને વેદાન્તા લિમિટેડના એબવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન- (એજીઆઈ)-૧૯, ગામ- કમાલપુર, તાલુકો- દસાડા, જિલ્લો- સુરેન્દ્રનગર-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન

ઈન્સ્ટોલેશનનું નામ	**સરનામું**	**સરવે નંબર અને ક્ષેત્રફળ**	**પ્રતિબંધિત વિસ્તારની હદો**
કેર્ન (CAIRN) ઓઈલ એન્ડ ગેસ, વેદાન્તા લિમિટેડ એબવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન-(એજીઆઈ)-૧૯	ગામ: કમાલપુર તાલુકો: દસાડા જિલ્લો: સુરેન્દ્રનગર	૮૦૫ (જૂનો સરવે નંબર ૩૯૭/ પૈકી ૧/ પૈકી ૧) કુલ ક્ષેત્રફળ: ૪૫૬૧ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૫૬૧ ચોરસ મીટર	પૂર્વે: રસ્તો પશ્ચિમે: સરવે નંબર ૮૦૪ ઉત્તરે: સરવે નંબર ૮૦૪ દક્ષિણે: સરવે નંબર ૮૦૬

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.14 15:35:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar